# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## બી.એડ. અભ્યાસક્રમ – જૂન ૨૦૧૫–'૧૬ થી અમલ

## (જૂન –૨૦૧૬ થી અમલમાં મુકાનાર પુનર્ગઠિત અભ્યાસક્રમ)

## દ્વિતીય વર્ષ

## સેમેસ્ટર–૩

કોર્સ – ૩૦૧ જ્ઞાન અને અભ્યાસક્રમ – ૧ (Knowledge of curriculum – 1)

કોર્સ – ૩૦૨ સમાવિષ્ટ શાળાની રચના (Creative and inclusive school)

EPC - (3) Critical understanding of ICT

EPC - (4) સ્વની સમજ (understanding the self )

ક્ષેત્રકાર્ય (field work)

**નોંધ :– અભ્યાસક્રમ સંદર્ભે અંગ્રજી વર્ઝનને અધિકૃત ગણવું.**

# <u>કોર્સ ૩૦૧ જ્ઞાન અને અભ્યાસક્રમ – ૧</u>

## હેતુઓ:–

૧. તાલીમાર્થીઓ જ્ઞાન મિમાંસાત્મક પરિભાષાઓના અર્થ અને એમની વચ્ચેની સામ્યતા અને ભેદને સમજે.
૨. તાલીમાર્થીઓ બાળકેન્દ્રી કેળવણી સંબંધિત વિચાર–ધારાઓથી માહિતગાર થાય.
૩. વિદ્યાર્થીઓ સમાજ,સંસ્કૃતિ અને આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં શિક્ષણમાં આવેલાં પરિવર્તનોને સમજે.
૪. તાલીમાર્થીઓ શિક્ષણના યથાર્થદર્શનથી પરિચિત થાય.
૫. તાલીમાર્થીઓનું ધ્યાન શિક્ષણના સામાજિક અને જ્ઞાનના પાયા પર કેન્દ્રિત થાય.
૬. તાલીમાર્થીઓ શિક્ષણની આધુનિક વ્યવસ્થા માટે તૈયાર થાય.
૭. તાલીમાર્થીઓ શિક્ષણને પ્રભાવિત કરતા વિવિધ પરિબળોના પ્રભાવને સમજે.
૮. તાલીમાર્થીઓ કેળવણીને વિવિધ મૂલ્યોના પરિપ્રેક્ષ્યમાં સમજે અને સ્વીકારે.
૯. તાલીમાર્થીઓ શાળાની વિવિધ પ્રવૃત્તિઓ અને વર્ગખંડના વ્યવહારને બહુસંસ્કૃતિયતા અને લોકશાહીના સંદર્ભે સમજે.
૧૦. તાલીમાર્થીઓ કેળવણીના રાષ્ટ્રીય, વૈશ્વિક અને ધર્મ નિરપેક્ષ આયામોને સમજે.
૧૧. તાલીમાર્થીઓ શિક્ષણને મૂલ્ય આધારિત બનાવવા માટેની પ્રવૃત્તિઓનું આયોજન કરે.
૧૨. તાલીમાર્થીઓ શાળાની ગતિવિધિઓ પાછળ સમાવિષ્ટ પ્રચ્છન્ન હેતુઓ સમજે.

## એકમ – ૧ કેળવણીનો જ્ઞાન મિમાંસાત્મક પાયો (Epistemological Basis of Education)

(અ) ૧. જ્ઞાન અને કૌશલ્ય (સંકલ્પના અને તફાવત)
૨. અધ્યાપન અને તાલીમ (સંકલ્પના અને તફાવત)
૩. જ્ઞાન અને માહિતી (સંકલ્પના અને તફાવત)
૪. વિવેક અને માન્યતા (સંકલ્પના અને તફાવત)

(બ) પ્રવર્તમાન બાળકેન્દ્રી કેળવણી નીચેના સંદર્ભે–––
૧. પ્રવૃત્તિ – સંકલ્પના, પ્રકાર અને મહત્ત્વ (ટાગોર ના અનુસંધાનમાં)
૨. શોધ – સંકલ્પના અને મહત્ત્વ (ડયુઈના અનુસંધાનમાં)
૩. સંવાદ – સંકલ્પના અને મહત્ત્વ (પ્લેટોના અનુસંધાનમાં )

## <u>એકમ – ૨ કેળવણીનો સામાજિક પાયો</u>

૧. સમાજ, સંસ્કૃતિ અને આધુનિકતાના પરિપ્રેક્ષ્યમાં ઔધોગિકરણ, લોકશાહી, વ્યકિતગત સ્વાયત્તતાના કારણે શિક્ષણમાં આવેલા ઐતિહાસિક પરિવર્તનો
૨. આંબેડકરના વિચારો અનુસાર આધુનિક મૂલ્યના સંદર્ભે કેળવણી (સમાનતા,વ્યકિતગત તકો, સામાજિક ન્યાય) બહુસંસ્કૃતિકવાદના સંદર્ભે શાળાની પરંપરાગત પ્રવૃત્તિઓ અને વર્ગખંડનો રોજિંદો વ્યવહાર
૩. રાષ્ટ્રવાદ, વિશ્વવાદ, ધર્મ નિરપેક્ષતાનો કેળવણી સાથેનો આંતર વ્યવહાર

# સુચિત પ્રાયોગિક કાર્ય

(૧) તાલીમાર્થીઓ અધ્યાપન અને તાલીમ સાથે સંકળાયેલ વિવિધ પ્રવૃત્તિઓ શોધે અને તેમના સ્વરૂપને સ્પષ્ટ કરે (ITI કોલેજ અને અન્ય વિશિષ્ટ પ્રકારની શાળાઓની સમીક્ષા )

(૨) ધો.૧૦ પાસ કરી આઈ.ટી.આઈ.માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દ્વારા આઈ.ટી.આઈ.ની તાલીમ દરમ્યાન ધો.૧૦ સુધીના જ્ઞાનના કરાતા ઉપયોગનો અભ્યાસ.

(૩) ધો.૧૨ પાસ કરી વ્યાવસાયિક કોલેજોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી દ્વારા વ્યાવસાયિક તાલીમ દરમ્યાન ધો.૧૨ સુધીના જ્ઞાનના કરાતા ઉપયોગનો અભ્યાસ.

(૪) બી.એડ્.નો અભ્યાસ કરી ચુકેલ શિક્ષક તેણે મેળવેલી તાલીમ કે જ્ઞાનનો શાળામાં કેવી રીતે ઉપયોગ કરે છે તેનો અભ્યાસ.

(૫) કોઈ ચોકકસ સમાજ(હિન્દુ, મુસ્લિમ, પ્રાદેશિક જેવા)માં ચોકકસ પ્રસંગ (જન્મ, લગ્ન, મરણ જેવા)ની ક્રિયાઓમાં અનુભવાતી અવૈજ્ઞાનિકતાનો અભ્યાસ

(૬) ચોકકસ કોલેજના ચોકકસ વિદ્યાર્થી મંડળોએ છેલ્લા ત્રણ વર્ષમાં કરેલી કાર્યવાહીનો અને એના સ્વરૂપનો અભ્યાસ.

(૭) પસંદ કરેલ હકારાત્મક (સદાચારી અને સાત્વિક) કે નકારાત્મક (વ્યસનો અને વિકારી )પ્રવૃત્તિઓના જીવનમાં મળેલા પરિણામોનો અભ્યાસ.

(૮) કોઈ એક પરિવારની છેલ્લી ત્રણ પેઢીએ મેળવેલા શિક્ષણના સ્વરૂપોનો અભ્યાસ.

(૯) કોઈ એક પરિવારની છેલ્લી ત્રણ પેઢી દ્વારા સ્વીકારાયેલ વ્યવસાયોનો અભ્યાસ.

(૧૦) કેટલાક પરિવારોમાં માતા–પિતાનું તેમના દિકરા અને દિકરી તરફના વ્યવહારો અને વલણનો અભ્યાસ.

(૧૧) સ્નાતક કે તેથી વધુ અભ્યાસ ધરાવતી મહિલાઓના વ્યવસાય વૈવિધ્યોનો અભ્યાસ

(૧૨) ઔદ્યોગિક વસાહતોમાં કામ કરતા દલિતો કે લઘુમતિ કોમના કર્મચારીઓનો અભ્યાસ.

(૧૩) માધ્યમિક / ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમમાં રાષ્ટ્રવાદ, વિશ્વવાદ અને ધર્મ નિરપેક્ષતાનું સ્થાન.

(૧૪) તાલીમાર્થીઓ પ્રચલિત માન્યતાઓ આધારિત વર્તનોની યાદી તૈયાર કરે અને આ માન્યતા પાછળના તર્કનું અને વૈજ્ઞાનિકતાનું મૂલ્યાંકન કરે.

(૧૫) તાલીમાર્થીઓ સર્જનાત્મક બાળકોના વર્તન વ્યવહારનો સંશોધનાત્મક અભ્યાસ કરે.

(૧૬) તાલીમાર્થીઓ બુનિયાદી શિક્ષણ વ્યવસ્થાનો અભ્યાસ કરી પરંપરાગત શિક્ષણ કેવી રીતે અલગ પડે છે તેનો અભ્યાસ કરે.

(૧૭) તાલીમાર્થીઓ ––––

– આશ્રમશાળાનો વ્યકિત અભ્યાસ કરે.

– એકલવ્ય મોડેલ સ્કૂલનો વ્યકિત અભ્યાસ કરે.

– આર્ચ સંસ્થાનો વ્યકિત અભ્યાસ કરે. (પ્રવૃત્તિ દ્વારા અભ્યાસ)

– તાલીમાર્થીઓ પ્રવૃત્તિલક્ષી બાળ કેન્દ્રી કેળવણી આપતી સંસ્થાના રોજિંદા આંતર વ્યવહારનો અભ્યાસ કરે. (નંદીગ્રામ – ધરમપુર વગેરે)

(૧૮) ભારતીય સંસ્કૃતિ, મિશનરી અને મુસ્લિમ સંસ્કૃતિના શિક્ષણ કેન્દ્રોમાં આવેલા વ્યવસ્થાપન સંબંધી પરિવર્તનોનો અભ્યાસ.

(૧૯) આધુનિકતાના સ્પર્શથી શિક્ષણ વ્યવસ્થાએ અનુભવેલા પરિવર્તનોનો અભ્યાસ.

(૨૦) મૂલ્યોની માવજાત માટેના શાળાઓના વિવિધ સભાન પ્રયત્નોનો અભ્યાસ.

(૨૧) મૂલ્યોના જતન અને સંવર્ધન આડેના અવરોધોનો અભ્યાસ.

(૨૨) શાળાઓમાં જીવાતા મૂલ્યોનો વ્યાપ અને તીવ્રતાનો તંદુરસ્ત અભ્યાસ.

(૨૩) અલગ–અલગ ભાવાવરણ ધરાવતી શાળાઓની પરંપરાગત અને વૈવિધ્યસભર પ્રવૃત્તિઓનું સર્વેક્ષણ.

(૨૪) શાળાના પ્રાર્થના સંમેલનનો વિવેચનાત્મક અભ્યાસ કરવો.

(૨૫) શાળાઓમાં રાષ્ટ્રવાદ,વિશ્વવાદ અને ધર્મ–નિરપેક્ષતાને પોષતી વિવિધ પ્રવૃત્તિઓ,એના સ્વરૂપો અને ફલિતાર્થોનો અભ્યાસ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**B.Ed. Second Year – Sem.-3**

**Course -302 સમાવિષ્ટ શાળાની રચના**

**હેતુઓ :**

**પ્રશિક્ષણાર્થીઓ.....**

૧. સમાવિષ્ટ શાળાની સંસ્કૃતિ, નીતિ અને કાર્ય પદ્ધતિની સમજ કેળવે.

૨. સમાન શિક્ષણના સંદર્ભે મનોસામાજિક પરિપ્રેક્ષ્યમાં 'અપંગતા' અને 'સમાવેશ' ની વ્યાખ્યાઓ તપાસે.

૩. સમાવેશ સંબંધી નીતિઓ અને પહેલરૂપ કાર્યક્રમોનું વિશ્લેષણ કરી શકે.

૪. સમાવિષ્ટ શાળાઓમાં 'અધ્યયન અને સહભાગિતા' ના સંદર્ભમાં યોગ્ય નીતિ અને કાર્ય પદ્ધતિની સંરચનાની આડે આવતા અવરોધો ઓળખે.

૫. તાલીમાર્થી શિક્ષક એ બાબત સમજી શકે કે દરેક બાળક વિભિન્ન પરિસ્થિતિઓમાં પણ અધ્યયન અને વિકાસ કરી શકે છે.

**એકમ : ૧ વિશિષ્ટ બાળકોનો પરિચય**

૧.૧ વિશિષ્ટ બાળક : સંકલ્પના અને પ્રકાર
(મેધાવી, મંદ , મૂક – બધિર અને અંધ અધ્યેતા )

૧.૨ વિશિષ્ટ બાળકોનો આત્મવિશ્વાસ વધે એ માટે શિક્ષકની ભૂમિકા

૧.૩ સમાવિષ્ટ શાળા અંગે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, યુનેસ્કો,આર.ટી.ઈ.એકટ (૨૦૦૯),સર્વ શિક્ષા અભિયાન, યુ.જી.સી.ની ભલામણો અને તેના ફલિતાર્થો

૧.૪ વિશિષ્ટ બાળકોના સંદર્ભમાં પ્રત્યાયનના વિશિષ્ટ કૌશલ્યો

**એકમ : ૨ સમાવિષ્ટ શાળા**

૨.૧ સમાવિષ્ટ શાળા : અર્થ, સંકલ્પના, સ્વરૂપ, ભાવાવરણ

૨.૨ વિશિષ્ટ બાળકો માટેની શૈક્ષણિક અને ભૌતિક સુવિધાઓ

૨.૩ સમાવિષ્ટ શાળામાં, વિશિષ્ટ બાળકો માટે મૂલ્યાંકન પદ્ધતિ

૨.૪ સમાવિષ્ટ શાળામાં, વિશિષ્ટ બાળકો માટે સહઅભ્યાસ પ્રવૃત્તિઓ

**પ્રાયોગિક કાર્ય**

૧. સમાવિષ્ટ શાળાનો વ્યકિત અભ્યાસ

૨. નિર્ધારિત જૂથના વિશિષ્ટ બાળકોનો વ્યકિત અભ્યાસ

૩. વિશિષ્ટ બાળકોની સિદ્ધિઓનો અભ્યાસ

૪. વિશિષ્ટ બાળકો માટે વિશિષ્ટ અધ્યાપન પદ્ધતિનો અભ્યાસ

૫. વિશિષ્ટ બાળકો માટે કાર્યરત એન.જી.ઓ.નો અભ્યાસ

૬. વિશિષ્ટ બાળકોના પરિવારનો અભ્યાસ

૭. નજીક આવેલ અંધજન શાળા/મંદબુદ્ધિની શાળા/મુક બધિર શાળાની મુલાકાત લઈ સંસ્થાનો અભ્યાસ કરે.

૮. તાલીમાર્થીઓ સમાવિષ્ટ શાળા અંગે યુનેસ્કોની પ્રવૃત્તિ વિશે અભ્યાસ કરે.

૯. પોતાના સમાજમાં /કુટુંબમાં /શાળામાં આવેલ વિશિષ્ટ બાળકોનો અભ્યાસ કરે.

૧૦. સાહિત્ય / સંગીત/રમત ક્ષેત્રે વિશિષ્ટ બાળકોએ મેળવેલ સિદ્ધિનો અભ્યાસ કરે.

૧૧. "બ્લેક" જેવી વિશિષ્ટ ફિલ્મનો સટીક અભ્યાસ કરવો.

૧૨. અંધ/મુકબધિર/અપંગ બાળકોના પરિવારનો અભ્યાસ કરવો.

૧૩. અંધ/મુકબધિર/અપંગ બાળકોને સરકાર તરફથી મળતી સહાયનો અભ્યાસ.

**ક્ષેત્રકાર્ય :**

૧. સમાજમાં જઈને સમાવિષ્ટ શાળાની મુલાકાત લઈ તેની પ્રવૃત્તિઓ અંગે અહેવાલ તૈયાર કરવો.

૨. સમાજમાં આવેલ સંસ્થાઓની મુલાકાત લઈ સંસ્થામાં ભણતા વિશિષ્ટ બાળકોને અનુભવવી પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરી અહેવાલ તૈયાર કરે.

૩. વિશિષ્ટ બાળકોએ સંગીત/સાહિત્ય/રમત વગેરે ક્ષેત્રે મેળવેલ સિદ્ધિનો અહેવાલ તૈયાર કરે.

૪. પોતાની નજીકના વિસ્તારમાં વિશિષ્ટ બાળકો માટે કામ કરતી બિનસરકારી સંસ્થાના પ્રદાનનો અહેવાલ તૈયાર કરે.

૫. આવા બાળકો ધરાવતા કુટુંબોની મુલાકાત લઈ તેઓ આ બાળકો સાથે કઈ રીતે કામગીરી કરે છે તેના પર અહેવાલ તૈયાર કરે.

૬. વિશિષ્ટ બાળકોને ઉપયોગી બનતી શૈક્ષણિક ટેકનોલોજી વિશે માહિતી મેળવી અહેવાલ તૈયાર કરે.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**સંદર્ભો ગ્રંથો**


1. Booth. T., Anscow, M. Black – Hawmins, K.Vaughan, M.& Shaw. L, (2000) Index for Inclusion : Developing Learning and Participation in school, Center for studies on Inclusive Education.
2. GOI (1996) Report of the Education Commission : Education and National Development New Delhi : Ministry of Education.
3. GOI (1986) National Policy of Education GOI
4. GOI (1922, 1998) National Policy on Education, 1986 (As modified in 1992), Retrieved from http://mhrd.gov.in/sites/upolad_files/mhrd/files/

**B.Ed. Second Year – Sem.-3**

# EPC - 3

# Critical Understanding of ICT

**હેતુઓ :**

૧. શૈક્ષણિક હેતુઓ અને સિદ્ધાંતો અનુસાર તાલીમાર્થી ICT નું અર્થઘટન અને તેનું અનુકૂલન કરતાં શીખે.

૨. અધ્યયન – અધ્યાપનના ક્ષેત્રે ICT ના ઉપયોગની સમજ કેળવે.

૩. વહીવટી અને શૈક્ષણિક મદદગાર પદ્ધતિઓના ક્ષેત્રે ICT ના ઉપયોગની સમજ કેળવે.

૪. ICTS ના ઉપયોગથી સમાજ પર પડતી અસરોની સમજ કેળવે.

**પ્રવૃત્તિઓ :**

૧. પ્રવર્તમાન માધ્યમિક શાળાના જે શિક્ષકો ICT નો ઉપયોગ કરતાં હોય તે ઉપયોગ કરવાથી શિક્ષણના કયા અને કેટલા હેતુઓ સિદ્ધ કરી શકયા તે જાણવું.

૨. પ્રવર્તમાન માધ્યમિક શાળાના જે વિદ્યાર્થીઓ ICT નો ઉપયોગ કરતા હોય તે ઉપયોગ કરવાથી એ વિદ્યાર્થીઓ કેટલું સ્વ–અધ્યયન કરી શકયા અને વધારાનું કેટલું સાહિત્ય વાંચી શકયા તે જાણવું.

૩. BISAG પરથી કે અન્ય કોઈ પણ ટી.વી. ચેનલ પર રજૂ થતાં શૈક્ષણિક પાઠો સ્વ–અધ્યયન માટે કેટલા મદદગાર થઈ પડયા તે તાલીમાર્થી તપાસે (તમે પસંદ કરેલ પદ્ધતિના પદ્ધતિ દીઠ ગમે તે બે પાઠોનો અભ્યાસ કરવો)

૪. MS EXCEL માં વિષયદીઠ ગુણ, કુલગુણ, ટકાવારી, પાસ, નાપાસ અને તેની આલેખાત્મક રજૂઆત કરતાં કરે.

૫. MS POWER POINT પર કોઈ એક પાઠ પર ઓછામાં ઓછી દશ સ્લાઈડસ તૈયાર કરે.

૬. કોઈ પણ એક વિષયાંગ પર દશ મિનિટની દસ્તાવેજી ફિલ્મ બનાવે અને પછી તેનું અન્ય ત્રણ તાલીમાર્થીઓ દ્વારા મૂલ્યાંકન કરાવવું.

૭. કોઈ પણ બે શિક્ષણશાસ્ત્રીઓના બ્લોગ પર આવેલા કોઈ પણ બે શિક્ષણને લગતા લેખોની સટીક આલોચના કરવી અને વર્ગસમક્ષ રજૂ કરવી.

૮. સામાજિક અને સાંસ્કૃતિક પ્રશ્નો અંગે ચોકકસ અભિપ્રાય આપવા માટે વેબસાઈટ પર ચાલતી ગમે તે ત્રણ ઝુંબેશનું વર્ણન કરી તેની અસરનો અભ્યાસ કરો.

૯. સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને આર્થિક બાબતો અંગે સોશિયલ મિડિયા પર વ્યકત થતા અભિપ્રાયોની અસરનો એક લોકશાહી મૂલ્ય તરીકે અભ્યાસ

૧૦. જે શાળામાં ડિજિટલ શૈક્ષણિક પદ્ધતિ દાખલ થઈ હોય તેની શૈક્ષણિક દષ્ટિએ થતી અસરોનો અભ્યાસ.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

**B.Ed.Second Year – Sem.-3**

# EPC-4

# Understanding the Self

**(સ્વની સમજ)**

**હેતુઓ :**

૧. આજનો તાલીમાર્થી ભાવિ શિક્ષક તરીકે સમાજ અને વિદ્યાર્થીઓ સાથે સતત આદાન–પ્રદાન કરવાનો છે. ત્યારે તે પોતે કોણ છે તે જાણે.

૨. તાલીમાર્થીઓની એમના વિદ્યાર્થીઓ અને સમાજ પરત્વેની સંવેદનાઓ કેળવે.

૩. તાલીમાર્થીઓ પ્રત્યાયન કૌશલ્ય વિકસાવે.

૪. વિદ્યાર્થીઓના વ્યકિતત્વના વિકાસમાં એનું વ્યકિતત્વ મદદરૂપ બને.

૫. વિદ્યાર્થીઓના વિકાસ માટે પોતાની સાંભળવાની અને અવલોકન શકિત કેળવે.

૬. સંઘર્ષ પ્રસંગે સ્વને સ્વસ્થ રાખી સંઘર્ષના મુદાને સમજી તેના નિરાકરણ માટે હકારાત્મક અભિગમ રાખતા શીખે અને જૂથમાં રહીને કાર્ય કરતાં શીખે સ્થિર રાખતા શીખે.

**પ્રવૃત્તિઓ :**

૧. તાલીમાર્થીઓ ધો.૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ અને સમાજ સાથે અસરકારક આદાન–પ્રદાન કરવાનો કસબ ખીલવે તે માટે એક યા વધારે કોલેજોએ આ વિષયના નિષ્ણાંતોને બોલાવી કાર્યશિબિર યોજવી.

૨. ચાર તાલીમાર્થીઓએ સમાજને લગતા કોઈ પ્રશ્ન પર ચર્ચા કરવી તે સમયે બીજા ચાર તાલીમાર્થીઓએ તપાસવું કે તેમના હસ્તકનો કોઈ એક તાલીમાર્થી ચર્ચા દરમ્યાન કેટલો સ્વસ્થ રહયો, ઉશ્કેરાયો અને પોતાના મુદ્દાને કયાં સુધી વળગી રહયો તેની નોંધ કરવી આ સમગ્ર કાર્યક્રમનું અવલોકન અધ્યાપક કરશે.

૩. સ્વની સંકલ્પનાને આધારે કોલેજના અધ્યાપકે પ્રશ્નવલિ તૈયાર કરવી કે જે તાલીમાર્થીને (આવતીકાલના શિક્ષકને) એ બાબતમાં તપાસશે કે તે એના ભાવિ વિદ્યાર્થીઓને અભિમાન વિનાનું સ્વમાન કેળવવા કેવી રીતે મદદ કરશે.

૪. 'મારી કથની' હેઠળ દરેક તાલીમાર્થી છ વર્ષ પૂર્વેના તેના વિચારો અને વર્તનની આજના તેના વિચાર વર્તન સાથે ઉદાહરણો આપીને સરખામણી કરતું પેપર તૈયાર કરે અને એને તેનું વર્ગ સમક્ષ વાંચન કરી પ્રશ્નોત્તરી કરવામાં આવે.

૫. સત્રની શરૂઆતમાં દરેક તાલીમાર્થીને બે માસ માટે ડાયરી લખવા જણાવવું અને પછી એ ડાયરી લખવાથી પોતાના સ્વનો વિકાસ થયો કે ન થયો તેની બેઠક રાખવી.

૬. કોઈ એક વૃધ્ધાશ્રમ, અનાથાશ્રમ જેવી સંસ્થાની મુલાકાત પ્રસંગે અનુભવેલ યાદગાર પ્રસંગો અને તે સમયે તાલીમાર્થીને આવેલ વિચાર અને થયેલ લાગણીનું વર્ણન કરતો અહેવાલ અને તેની વર્ગ સમક્ષ રજૂઆત કરે.

૭. બ્લેક/થ્રી ઈડિયટ્સ, મંથન, અર્થ, નયા દૌર જેવા સામાજિક અને આર્થિક બાબતો અંગે સંદેશો આપતા કોઈ એક ચલચિત્રને જોઈને તાલીમાર્થી તઆત્મ નિરીક્ષણ કરે.

૮. તાલીમાર્થી સંવેદનાથી ભરપુર પોતાની કોઈ પ્રસંગકથા, સ્વરચિરત કાવ્ય, નવલિકા, સ્વરચિત એક નાટિકા વર્ગસમક્ષ વાંચન કરી તેમાં સમાવિષ્ટ પોતાના ભાવ અને વિચારોને સમજાવે.

૯. તાલીમાર્થીના બાળપણના કયા અનુભવોએ તેના મનપ્રદેશ પર ચિરંજીવી અસર પાડી તે પ્રસંગનું વર્ણન કરી કેવી અસર પડી તેની વર્ગ સમક્ષ રજૂઆત કરે.

૧૦. આંબેડકર, અબ્દુલ કલામ, જેવા મહાનુભવો કે જેમનું બાળપણ ગરીબાઈ અને સામાજિક અન્યાય સહન કરવામાં વીત્યું છે. તેનો બે ત્રણ તાલીમાર્થીઓ જૂથમાં એક કેસ બનાવે અને પછી તેના પર વર્ગમાં ચર્ચા થાય.(સાયલન્સ પ્લીઝ આઈ કે વીજળીવાળાનું પુસ્તકમાંના બનાવ પણ લઈ શકાય અને કેસ બનાવી શકાય.)

સુચના : ઉપર ૬ થી ૧૦ જેવા સમગ્ર વર્ગને ભાગીદાર બનાવતી પ્રવૃત્તિમાં તાલીમાર્થીઓની ભાગીદારીનું પણ મૂલ્યાંકન કરવું ઉપરની દરેક પ્રવૃત્તિ અંતર્ગત સ્વરૂપ દર્શાવવામાં આવ્યું છે.

**નોંધ :**

૧. ઉપર દર્શાવેલ પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યોની યાદી સૂચન તરીકેની છે તાલીમાર્થીઓ અધ્યાપકોના સર્જનાત્મક માર્ગદર્શન હેઠળ પોતાની રીતે નવા પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને ક્ષેત્ર કાર્યો હાથ ધરી શકે છે.

## References:


(1) Radhakrishnan, Religion in changing world, george Allen & unwin london
(2) Annie besent (1990), seven great Religious, The Thesophical publishing house, Adyar Madras, 600020
(3) Richard stevens (ed), understanding the self the open university, Amazon book store.